વિષય - ગુજરાતી.
ધો- 6

Date ______
Page ______

6.3.2 વિગતો વચ્ચેનો સંબંધ સમજ

પ્ર 1 અ) નીચેની ઘટનાઓને પાઠના ક્રમમાં ગોઠવીને ફરીથી લખો. (5)

1. બકો 'ચોટડૂક' બોલતા શીખી ગયો.
2. બકાના પગમાં કાંટો વાગ્યો.
3. ગામલોકો વાઘની હાજરીથી ડરી ગયા હતા.
4. બકાને કાંટો વાગવાથી થયેલી પીડા દૂર થઈ.
5. બોપાનો લગરડો હવામાં જ રહી ગયો.

6.6. શબ્દભંડોળ.

પ્ર 1 અ) અર્થપૂર્ણ ફકરો બને તે રીતે કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (5)
(ઝઘડે, સંપીને, આનંદમાં, ઝઘડો, ભાઈબંધી, ઉડાઉડ)

પક્ષીઓ કેવાં સંપીને રહે છે! સતત ______ કરે છે, કલ્લોલ કરે છે. એકબીજા સાથે ______ પણ છે. પરંતુ તરત પાછાં ______ કરી લે છે. પક્ષીઓ પાસેથી આપણે શીખવા જેવું છે કે આપણે પણ ______ રહેવું જોઈએ. ક્યારેક કોઈની સાથે ______ પણ થાય પરંતુ તરત જ બધું ભૂલીને આપણે પણ પક્ષીઓની જેમ ______ રહેવું જોઈએ.

Date ____
Page ____

6.6 શબ્દસંકોળ.

પ્ર. 2 ફકરા પરથી જવાબ આપો. (5)

ફકરો:

સૂર્યપ્રકાશ પૃથ્વી પર જીવનનો મુખ્ય સ્ત્રોત છે. તેના કિરણોથી જ પ્રકાશસંશ્લેષણ થાય છે, જેના દ્વારા લીલી વનસ્પતિઓ પોતાનો ખોરાક બનાવે છે. આ પ્રક્રિયામાં વનસ્પતિઓ કાર્બન-ડાયોક્સાઈડ વાયુનો ઉપયોગ કરે છે. અને ઓક્સિજન વાયુ મુક્ત કરે છે. જે બધા સજીવોના શ્વસન માટે અત્યંત જરૂરી છે. સૂર્યના પ્રકાશથી જ જળચક્ર પણ કાર્યરત રહે છે. જેના કારણે વરસાદ પડે છે. અને પૃથ્વી પર પાણીની ઉપલબ્ધતા જળવાઈ રહે છે. આમ સૂર્યનું કિરણ એ માત્ર અંધકાર દૂર કરનાર જ નહી, સમગ્ર જીવસૃષ્ટિનું પાલનપોષણ કરનારું તત્વ છે.

પ્રશ્ન. (1) આ ફકરામાં કઈ પ્રક્રિયાની વાત છે?

(2) શબ્દ સમુહ માટે એક શબ્દ આપો.

→ પાણીમાંથી વરાળ તેમાંથી વાદળ, તેમાંથી વરસાદ અને પાણી.

(3) શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો. સ્ત્રોત

(4) પૃથ્વી પર જીવનનો મુખ્ય સ્ત્રોત કયો છે?

(5) સમગ્ર જીવસૃષ્ટિનું પાલનપોષણ કરનારું તત્વ કયું છે?

Date ______
Page ______

637 સામગ્રી વિષયક આગાહી કરે અને સર્જનાત્મક ચિંતન કરે.

પ્ર. ૩ અ) નિચે આપેલા વિષય પર ૮-૧૦ વાક્ય લખો. (૮)

* મારું પ્રિય ફળ (રંગ, સ્વાદ, ગંધ, કદ, આકાર, મહત્વ)

631 વ્યક્તિવાચક, સમૂહવાચક, જાતિવાચક, દ્રવ્યવાચક અને ભાવવાચક નામ ઓળખાવે અને માગ્યા મુજબ ઉપયોગ કરે છે.

પ્ર. ૩ બ નીચે આપેલી સંજ્ઞાઓનું તેના પ્રકાર મુજબ વર્ગીકરણ કરો. (7)

નર્મદા, પ્રાણી, ટોળું, લાકડાની ભારી, રમત, પાવાગઢ, છોકરો.

જાતિવાચક →

વ્યક્તિવાચક →

સમૂહવાચક →

634 સામગ્રી વિશ્લેષણ કરે છે.

પ્ર. ૪ બે ફકરા 'અ' અને 'બ' ના વાક્ય ભેગા થઈ ગયા છે. તેમને છૂટા પાડો. (10)

* પરી બકા ઉપર ખુશ થઈ હતી. એણે એને એક વિદ્યા શિખવાડી. એ..! દુરાચારી એ ડરપોક, ચુગલીખોર. ધીમે ધીમે શું ચાડી ખાય છે? એ વિદ્યા ચમત્કારી હતી અને સાચું બોલતા હોય એવા ચોખ્ખા મનવાળા એ શીખી શકે એમ હતું. તારી આંખ

પણ બાંધ્યા છે કે શું? જો નકુલના
હાથમાં બે જોડ વિનુપથ છે. એ વિદ્યા એવી
હતી કે બધો જેને ચોંટડુક કહે એ
સ્થિર થઈ જાય. ગુરુજીને ખબર છે કે
મને તો ઘણા જ વધારે ફાવે છે. એ ધાર
એ વ્યક્તિ કે વસ્તુને ચોંટાડી દઈ શકે.